# રાજ્યનું ધો.10નું 83.86% પરિણામ

**સૌથી** વધુ નર્મદા જિલ્લાનું 90.85 ટકા

ગાંધીનગર : ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી-માર્ચ 2026માં લેવાયેલી ધોરણ-10ની પરીક્ષાનું આજે 83.86 ટકા પરિણામ બોર્ડની વેબસાઈટ પર જાહેર કરવામાં આવ્યું છે. આ પરિણામ ગત વર્ષની સરખામણીએ 1.30 ટકાનો વધારો થયો છે.

આ વખતે ધોરણ 10માં કુલ 7,69,993 વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જે પૈકી 7,56,392 પરીક્ષાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી 6,34,327 પરીક્ષાર્થીઓ પાસ થતાં નિયમિત વિદ્યાર્થીઓનું પરિણામ 83.86 ટકા જાહેર કરવામાં આવ્યું છે.

ધોરણ 10ના પરિણામમાં સૌથી વધુ પરિણામ નર્મદા જિલ્લાનું 90.85 ટકા, જ્યારે સૌથી ઓછું પરિણામ પંચમહાલ જિલ્લાનું 76.42 ટકા આવ્યું છે.

કેન્દ્રની વાત કરીએ તો સૌથી ઓછું પરિણામ દાહોદ જિલ્લાના મુનખોસલા કેન્દ્રનું 33.74 ટકા જ્યારે સૌથી વધુ ગાંધીનગર જિલ્લાના આજોલ કેન્દ્રનું 100 ટકા પરિણામ આવ્યું છે.

ગ્રેડવાર પરિણામ જોઈએ તો, આ વખતે સૌથી વધુ 1,48,215 વિદ્યાર્થીઓએ B-2 ગ્રેડ મેળવ્યો છે. જ્યારે A-1 ગ્રેડમાં 35,5008, A-2 ગ્રેડમાં 90,863 B-1 ગ્રેડમાં 1,22,184, C-1 ગ્રેડમાં 1,46,647, C-2 ગ્રેડમાં 83,621, D ગ્રેડમાં 7278 અને E-1 ગ્રેડમાં 11 વિદ્યાર્થીઓએ મેળવ્યો છે.

ધોરણ 10ના પરિણામમાં ફરી એક વખત છોકરીઓએ મેદાન માર્યું છે.

છોકરીઓનું પરિણામ 88.28 ટકા જ્યારે છોકરાઓનું પરિણામ 80.12 ટકા આવ્યું છે. અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓનું પરિણામ 92.50 ટકા અને ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓનું પરિણામ 82.67 ટકા નોંધાયું છે.

આ વખતે 1697 શાળાઓએ 100 ટકા પરિણામ મેળવ્યું છે. જ્યારે 164 શાળાઓનું પરિણામ 30 ટકા કરતાં ઓછું આવ્યું છે, તો વળી 39 શાળાઓનું પરિણામ 0 ટક આવ્યું છે.

| સુરત શહેરનું પરિણામ | | સુરત જિલ્લાનું પરિણામ | |
|---|---|---|---|
| A-1 | 6475 | A-1 | 6475 |
| A-2 | 13534 | A-2 | 13534 |
| B-1 | 14588 | B-1 | 14588 |
| B-2 | 14790 | B-2 | 14790 |
| C-1 | 13207 | C-1 | 13207 |
| C-2. | 7147 | C-2. | 7147 |
| D. | 513 | D. | 513 |
| E1 | 0 | E1 | 0 |
| E2 | 5084 | E2 | 5084 |
| EQC | 70254 | EQC | 70254 |
| PER. | 86.04% | PER. | 86.04% |

### 1,48,215 વિદ્યાર્થીનો B-2 ગ્રેડ આવ્યો

આજે જાહેર થયેલા પરિણામમાં સૌથી વધુ 1,48,215 વિદ્યાર્થીઓએ B-2 જ્યારે A-1 ગ્રેડમાં 35,5008, A-2 ગ્રેડમાં 90,863, B-1 ગ્રેડમાં 1,22,184, C-1 ગ્રેડમાં 1,46,647, C-2 ગ્રેડમાં 83,621, D ગ્રેડમાં 7,278 અને E-1 ગ્રેડ 11 વિદ્યાર્થીઓએ મેળવ્યો છે.

### ધોરણ-10 પૂરક પરીક્ષા-2026 માટે ઓનલાઈન અરજી ફરજિયાત

ગાંધીનગર : ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ની મુખ્ય પરીક્ષા-2026માં ગેરહાજર રહેલા, અનુત્તીર્ણ થયેલા અથવા પરિણામ સુધારવા ઇચ્છતા વિદ્યાર્થીઓ પૂરક (Best of Two)-2026 પરીક્ષામાં ભાગ લઈ શકશે. આ પરીક્ષાના આવેદનપત્રો બોર્ડની સત્તાવાર વેબસાઇટ www.gseb.org પરથી શાળાઓ મારફતે ઓનલાઇન ભરવાના રહેશે. પુરક પરીક્ષા માટે ફી માળખા મુજબ, એક વિષય માટે રૂ. 155, બે વિષયો માટે રૂ. 225, ત્રણ વિષયો માટે રૂ. 285 અને ત્રણથી વધુ વિષયો માટે રૂ. 415 ફી નક્કી કરવામાં આવી છે. વિદ્યાર્થીનીઓ (છોકરી) અને દિવ્યાંગ ઉમેદવારોને ફીમાંથી મુક્તિ આપવામાં આવી છે.

તેમ છતાં, તેમને ઓનલાઇન રજિસ્ટ્રેશન કરવું ફરજિયાત રહેશે અને શૂન્ય (0) ફી રસીદ ભવિષ્ય માટે સાચવી રાખવાની રહેશે. પુરક પરીક્ષા માટેના આવેદન અને ફી ફક્ત ઓનલાઇન જ સ્વીકારવામાં આવશે અને રૂબરૂ આવેદનપત્રો સ્વીકારવામાં આવશે નહી . જો કોઈ અનુત્તીર્ણ ઉમેદવાર પૂરક પરીક્ષા આપવા ઇચ્છે અને તેનું નામ શાળાને મોકલાયેલી યાદી અથવા ઓનલાઇન યાદીમાં ન હોય, તો શાળા દ્વારા તેના ગુણપત્રક અને S.R.ની ચકાસણી કરીને પરિશિષ્ટ-કમાં નામ ઉમેરવું પડશે. આ સાથે જરૂરી આધાર દસ્તાવેજો અને ફી મેળવી, તેની એક નકલ બોર્ડના માધ્યમિક વિભાગની ABC શાખામાં રૂબરૂ મોકલવાની રહેશે.

| | |
|---|---|
| સૌથી વધુ પરિણામ ધરાવતું કેન્દ્ર ગાંધીનગરનું આજોલ | 100 ટકા |
| ઓછું પરિણામ ધરાવતું કેન્દ્ર દાહોદનું મુનખોડલા | 33.74 ટકા |
| ઓછું પરિણામ ધરાવતો જિલ્લો પંચમહાલ | 76.42 ટકા |
| વધુ પરિણામ ધરાવતો જિલ્લો નર્મદા | 90.85 ટકા |

**મુસાફરોનો સામાન શિફ્ટ કરવા 30 કૂલી કામે લગાડ્યા**

# AC બંધ થઈ જતાં મુસાફરોએ વડોદરામાં શતાબ્દી રોકી દીધી

**બીજો** કોચ લાવ્યા તો તેમાં પહેલેથી જ એરકન્ડિશન કામ કરતું ન હતું

**અંતે** સુરતમાં નવો કોચ જોડવો પડ્યો, 70 પ્રવાસીઓને સામાન સાથે શિફ્ટ કરાયા



સુરતઃ અમદાવાદથી મુંબઈ જતી રેલવેની પ્રીમિયમ ટ્રેન ગણાતી 12010 શતાબ્દી એક્સપ્રેસમાં બુધવારે સાંજે ભારે હંગામો અને અંધાધૂંધીના દ્રશ્યો સર્જાયા હતા. ટ્રેનના C/1 કોચમાં એર કન્ડીશન (AC) સિસ્ટમ ઠપ થઈ જતાં ઉકળાટથી અકળાયેલા મુસાફરોએ વડોદરા સ્ટેશન પર ટ્રેન રોકી વિરોધ પ્રદર્શન કરતા રેલવે પ્રશાસનમાં દોડધામ મચી ગઈ હતી. અંતે સુરત સ્ટેશને નવો કોચ જોડવાની ખાતરી બાદ મામલો શાંત પડ્યો હતો.

ઘટનાની વિગત મુજબ, બુધવારે સાંજે 5:05 કલાકે શતાબ્દી એક્સપ્રેસ વડોદરા સ્ટેશન પર પહોંચી ત્યારે C/1 કોચમાં મુસાફરી કરી રહેલા પ્રવાસીઓએ એસી ચાલતું ન હોવાની ફરિયાદ સાથે ટ્રેન નીચે ઉતરી વિરોધ શરૂ કર્યો હતો. કોચમાં તૈનાત ટીટીઈ ઓ.પી. શર્માએ કંટ્રોલ રૂમને જાણ કરી હતી કે આક્રોશીત મુસાફરો ટ્રેન આગળ વધવા દેતા નથી. રેલવેના ટેકનિકલ સ્ટાફે તાત્કાલિક રિપેરિંગનો પ્રયાસ કર્યો હતો પરંતુ સફળતા મળી નહોતી. મુસાફરોને સુરત સ્ટેશને ઉકેલ લાવવાનું આશ્વાસન અપાયા બાદ, સાંજે 5:27 કલાકે ટ્રેન વડોદરાથી રવાના થઈ શકી હતી. આ સમગ્ર મામલામાં રેલવેની ગંભીર બેદરકારી પણ છતી થઈ છે. અમદાવાદમાં C/1 કોચમાં ટેકનિકલ ખામી જણાતા તેને 'સિક' (ખામીયુક્ત) જાહેર કરી હટાવવામાં આવ્યો હતો. આશ્ચર્યની વાત એ છે કે, તેની જગ્યાએ જે નવો કોચ લગાવવામાં આવ્યો હતો, તેમાં પણ એસી શરૂઆતથી જ કામ કરતું નહોતું. મુંબઈ સેન્ટ્રલના ઈલેક્ટ્રિકલ/ આરએસી કંટ્રોલના જણાવ્યા અનુસાર, મેકેનિકલ ખામીને લીધે કોચ બદલવામાં આવ્યો હોવા છતાં મુસાફરોની સુવિધાની ચકાસણી કરવામાં આવી નહોતી. મુસાફરોના આક્રોશને જોતા સુરત રેલવે તંત્રએ એડવાન્સમાં જ તૈયારીઓ કરી લીધી હતી. સાંજે 6:56 કલાકે જ્યારે ટ્રેન સુરત પ્લેટફોર્મ પર આવી ત્યારે સુરત સ્ટેશને વધારાના એક કોચને તૈયાર રાખીને તેને ટ્રેન સાથે જોડવામાં આવ્યો હતો . C/1 કોચના અંદાજે 70 જેટલા મુસાફરોને તેમના ભારે સામાન સાથે તાત્કાલિક નવા કોચમાં શિફ્ટ કરવામાં આવ્યા હતા. મુસાફરોને મદદ કરવા માટે 30 જેટલા લીઓ (સહાયકો) કામે લગાડવામાં આવ્યા હતા, જેમણે મિનિટોમાં સામાન ટ્રાન્સફર કર્યો હતો. આ ઓપરેશન દરમિયાન ARO, સ્ટેશન સુપરિન્ટેન્ડેન્ટ, CMI, ડેપ્યુટી SS, RPF ઈન્ચાર્જ અને ત્રણ ટીસી સ્ટાફ સહિતના ઉચ્ચ અધિકારીઓ ખડેપગે રહ્યા હતા.

### હંગામાને કારણે બાળકીને માતા સુધી પહોંચાડવામાં અવરોધ

હોબાળા અને કોચ બદલવાની પ્રક્રિયા વચ્ચે એક સંવેદનશીલ ઘટના પણ બની હતી. એક મહિલા મુસાફર C/1 કોચમાં હતી, જ્યારે તેની એક વર્ષની માસૂમ બાળકી C/8 કોચમાં સગા-સંબંધીઓ પાસે હતી. હંગામાને કારણે બાળકીને તેની માતા સુધી પહોંચાડવામાં અવરોધ ઉભો થયો હતો. રેલવે સ્ટાફની મદદથી વધારાનો સમય લઈ બાળકીને સુરક્ષિત રીતે માતા સુધી પહોંચાડવામાં આવી હતી, ત્યારબાદ જ ટ્રેન રવાના કરાઈ હતી.

### વડોદરામાં 22 અને સુરતમાં 18 મિનિટ ટ્રેન રોકવી પડી

વડોદરામાં 22 મિનિટ અને સુરતમાં લગભગ 18 મિનિટ (રાત્રે 7:14 કલાકે રવાના) ટ્રેન રોકવી પડી હતી. જોકે, સુરત રેલવે તંત્રની સતર્કતાને કારણે મુસાફરોનું યોગ્ય સમાધાન થયું હતું અને ટ્રેન આગળ વધતી થઈ હતી.

## ઓગસ્ટ ક્રાંતિનું એન્જિન ફેલ થઈ જતાં રિપેર કરવામાં વિલંબથી સુરતમાં મુસાફરો એક કલાક અટવાયા

સુરતઃ બુધવારે સાંજે મુંબઈ સેન્ટ્રલ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર-3 પરથી ટ્રેન સંખ્યા 12953 ઓગસ્ટ ક્રાંતિ રાજધાની એક્સપ્રેસ તેના નિર્ધારિત સમય સાંજે 18:21 કલાકે રવાના થઈ હતી. ટ્રેન હજુ ગતિ પકડે તે પહેલા જ લોકોમોટિવ (એન્જિન) માં અચાનક કોઈ ગંભીર ટેકનિકલ ખામી સર્જાઈ હતી. એન્જિનમાં ખામીની જાણ થતા જ લોકો પાયલટે સાવચેતીના ભાગરૂપે ટ્રેનને તાત્કાલિક થંભાવી દીધી હતી. રેલવેના ટેકનિકલ નિષ્ણાતો દ્વારા એન્જિનની ચકાસણી અને જરૂરી મરામતની કામગીરી હાથ ધરવામાં આવી હતી, જેમાં ઘણો સમય વીતી ગયો હતો. ઓગસ્ટ ક્રાંતિ રાજધાનીનો સુરત સ્ટેશન પર પહોંચવાનો અસલી સમય સાંજે 7:53 કલાકનો છે. ખામીને પગલે રેલવે તંત્ર દ્વારા ટ્રેનને રિસિડ્યુલ કરવામાં આવી હતી અને નવો સમય રાત્રે 9:17 કલાકનો જાહેર કરાયો હતો. ટ્રેન લગભગ 1 કલાક અને 7 મિનિટ જેટલી મોડી સુરત પ્લેટફોર્મ પર પહોંચી હતી. રાજધાની જેવી પ્રીમિયમ ટ્રેનમાં મુસાફરી કરતા મુસાફરો સમયસર પહોંચવા માટે વધુ ભાડું ચૂકવતા હોય છે, પરંતુ એન્જિનની ખામીને કારણે સુરત સહિત આગળના સ્ટેશનો પર જનારા મુસાફરોને પ્લેટફોર્મ પર કલાકો સુધી રાહ જોવી પડી હતી.

**અનુસંધાન**... પાના છેલ્લાનું

### 6475 વિદ્યાર્થીનો...

સુરત માત્ર પરિણામમાં જ નહીં, પરંતુ ટોપ ગ્રેડમાં પણ રાજ્યમાં આગવું સ્થાન ધરાવે છે. આગામી વર્ષોમાં આ પ્રદર્શન વધુ મજબૂત બનવાની અપેક્ષા છે. A1 અને A2 બંને ગ્રેડમાં સુરતનો સારો હિસ્સો દર્શાવે છે કે શહેરમાં શાળાઓ, શિક્ષકો અને વિદ્યાર્થીઓની મહેનત અસરકારક રહી છે. સ્પર્ધાત્મક વાતાવરણ અને ગુણવત્તાસભર શિક્ષણના કારણે સુરત રાજ્યના શિક્ષણ ક્ષેત્રે આગળ વધી રહ્યું છે.

**શહેર અને જિલ્લામાં A-1 અને A-2 ગ્રેડ મેળવનાર શાળા અને વિદ્યાર્થીઓની સંખ્યા**

| સ્કૂલનું નામ | A-1 ગ્રેડ | A-2 ગ્રેડ |
|---|---|---|
| અસ્પાયર પબ્લિક સ્કૂલ | 49 | 79 |
| શ્રી ગુરુકૃપા વિદ્યાસંકુલ | 48 | 117 |
| સુરત ડાયમંડ એસો. ગર્લ્સ હાઈસ્કૂલ | 46 | 70 |
| શ્રી શારદા વિદ્યામંદિર | 46 | 61 |
| સિવિલાઇઝ મોર્ડન સ્કૂલ | 39 | 35 |
| અક્ષર જ્યોતિ હાઇસ્કૂલ | 35 | 76 |
| સનરાઇઝ ગ્રુપ ઓફ સ્કૂલ્સ | 34 | 119 |
| સદભાવના હરિઓમ સંકુલ | 33 | 72 |
| ઉત્તર ગુજરાત કે.એસ.કે.પી. વિદ્યાલય | 30 | 47 |
| ભક્તિ ઈન્ટરનેશનલ સ્કૂલ | 30 | 50 |
| પ્રેસિડન્સી સ્કૂલ | 27 | 44 |
| શ્રીમતી ડી.આર.રાણા વિદ્યાસંકુલ | 26 | 32 |
| હરેકૃષ્ણ વિદ્યાલય | 25 | 28 |
| ડિવાઇન ઇંગ્લિશ સ્કૂલ | 23 | 26 |
| સી. સી. શાહ વિદ્યાલય | 23 | 71 |
| રામકબીર હાઇસ્કૂલ | 23 | 59 |
| વિશ્વાભારતી ગર્લ્સ સ્કૂલ | 20 | 48 |
| ભુલકા સાગર વિદ્યાભવન | 18 | 38 |
| શ્રી ગઢપુર વિદ્યાલય | 17 | 17 |
| રત્નસાગર વિદ્યાલય | 16 | 20 |
| અંકુર વિદ્યાભવન | 16 | 22 |
| સિધ્ધી સ્કૂલ | 15 | 18 |
| ફૈઝ એ.એ. ચક્કીવાલા ગર્લ્સ હાઈસ્કૂલ | 13 | 39 |
| વિદ્યાકુંજ સ્કૂલ | 13 | 32 |
| એલ.એચ.બોઘરા હાઇસ્કૂલ | 12 | 26 |
| સાધના નિકેતન વિદ્યાલય | 12 | 19 |
| શ્રી સ્વામિનારાયણ એચ. વી. વિદ્યાલય | 11 | 32 |
| પેરામાઉન્ટ ઇન્ટરનેશનલ સ્કૂલ | 9 | 15 |
| એંગ્લો ઉર્દુ હાઈસ્કૂલ | 4 | 26 |
| લાન્સર્સ આર્મી સ્કૂલ | 4 | 5 |
| રાધે શ્યામ ઇંગ્લિશ સ્કૂલ | 3 | 25 |
| રાધા ક્રિષ્ણ વિદ્યાલય | 3 | 17 |
| પેરીન એન્ડ બમનશા મહેતા સેકેન્ડરી સ્કૂલ | 2 | 23 |
| ઇકરા ગુજરાતી હાઇસ્કૂલ | 2 | 19 |

### 3 મહિનામાં...

માર્ગદર્શન મહત્વપૂર્ણ રહ્યું છે. તે દરરોજ સરેરાશ 6 કલાક અભ્યાસ કરતી હતી અને છેલ્લા 3 મહિનામાં ગહન રિવિઝન સાથે અનેક મોક ટેસ્ટ આપી તૈયારી મજબૂત બનાવી હતી.

### પપ્પાની ખોટ...

જુઓ કે એક તરફ પિતાનો દેહ પંચતત્વમાં વિલીન થવાની રાહ જોતો હતો અને બીજી તરફ ધર્મ કારકિર્દી બનાવવા રાત -દિવસ એક કરી રહ્યો હતો. આ કારમી આઘાતજનક સ્થિતિ વચ્ચે પણ ધર્મએ પોતાની મક્કમતા ગુમાવી નહીં.

મૂળ ભાવનગરના ધારુકા ગામના વતની અને અહીં એમ્બ્રોડરીના વ્યવસાય સાથે સંકળાયેલા ગૌતમભાઈનું સપનું હતું કે તેમનો પુત્ર ભણીગણીને આગળ વધે. પિતાની છત્રછાયા ગુમાવ્યા બાદ અને બીમાર માતાની જવાબદારી વચ્ચે પણ આ તરુણે હિંમત હાર્યા વગર જે પરિણામ મેળવ્યું છે. “પપ્પાની ખોટ તો ક્યારેય પૂરી શકાય તેમ નથી, પણ આ પરિણામ તેમને સાચી શ્રદ્ધાંજલિ છે. મારી માતાએ અને શાળાના શિક્ષકોએ મને જે માનસિક હિંમત આપી, તેના કારણે જ આજે હું ‘A1’ ગ્રેડ સુધી પહોંચી શક્યો છું.”

### બર્ડફ્લૂને કારણે...

જતા ઈંડા વેપારીઓને ભારે નુકસાન સહન કરવું પડી રહ્યું છે. બર્ડ ફ્લૂના કહેરથી નવાપુર-નંદુરબારનો પોલ્ટ્રી ઉદ્યોગ સંપૂર્ણપણે ઠપ થઈ ગયો છે. સુરત અને દક્ષિણ ગુજરાતમાં રોજની 80,000 લાખ મરઘાની ડિલિવરી અટકી,લગ્નસરાની સિઝન જોતા એસોસિએશને બીજા રાજ્યોના એસો.પાસે સહયોગ માંગ્યો છે ઓર્ડર પૂરા કરવા કર્ણાટક,તેલંગાણા અને આંધ્રપ્રદેશથી સપ્લાય કરાશે.

### ઉકાઈ-સોનગઢ...

પલટો આવતાં કમોસમી વરસાદ પડતા ઠંડક પ્રસરી ગઈ છે.

ઉનાળાની ગરમી વચ્ચે પડેલા આ વરસાદને કારણે કેટલાક વિસ્તારોમાં પાણી ભરાઈ જવાનાં દૃશ્યો પણ સામે આવ્યાં હતાં. ભરઉનાળે માવઠાથી વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. ખેડૂતો માટે આ વરસાદ મિશ્ર અસરકારક સાબિત થઈ શકે છે.

કેટલાક પાકોને લાભ થવાની સંભાવના છે, જ્યારે કેટલાક વિસ્તારોમાં નુકસાનની ભીતિ પણ વ્યક્ત કરવામાં આવી રહી છે.

**સ્ત્રી-પુરુષ રેશિયોની અસમાનતા મુદ્દે બેદરકારી**

# સુરતના જિલ્લા આરોગ્ય અધિકારીને શો-કોઝ નોટિસ

**સુરત** જિલ્લામાં ઘટતા સેક્સ રેશિયો મુદ્દે સરકાર કડક, અધિકારી સામે કાર્યવાહીનો ઈશારો

**સુપરવિઝન** અને મોનિટરિંગમાં નિષ્કાળજી બદલ અધિક નિયામક દ્વારા શિસ્તભંગની કાર્યવાહી

સુરત : રાજ્યમાં સ્ત્રી-પુરુષના સમાન પ્રમાણ (સેક્સ રેશિયો) જળવાઈ રહે તે માટે સરકાર ગંભીર બની છે. સુરત જિલ્લામાં સ્ત્રી-પુરુષ અસમાનતા ધરાવતો સેક્સ રેશિયો નોંધાતા રાજ્ય કક્ષાએથી કડક પગલાં લેવામાં આવ્યા છે. આ મામલે જિલ્લા સ્તરે જવાબદાર અધિકારીને કારણદર્શક નોટિસ ફટકારવામાં આવતા આરોગ્ય વિભાગમાં ખળભળાટ મચી ગયો છે.

રાજ્ય સરકાર દ્વારા સ્પષ્ટ કરાયું છે કે સ્ત્રી-પુરુષના અસમાન પ્રમાણને અત્યંત ગંભીર બાબત તરીકે લેવામાં આવે છે. ખાસ કરીને ગર્ભપાત પૂર્વ લિંગ નિર્ધારણ જેવા કાયદેસર ગુનાઓને રોકવા માટે કડક અમલ જરૂરી ગણાયો છે. સુરત જિલ્લામાં અને મહાનગરપાલિકા વિસ્તારમાં પી.સી. એન્ડ પી.એન.ડી.ટી. એક્ટ-૧૯૯૪ હેઠળ નોંધાયેલા તમામ સોનોગ્રાફી સેન્ટરો અને આરોગ્ય સંસ્થાઓનું સુપરવિઝન, મોનિટરીંગ અને સમીક્ષા કરવાની જવાબદારી જિલ્લા એપ્રોપ્રીએટ ઓથોરીટી પર આવે છે.

આ સંદર્ભે ડૉ. અનિલ બી. પટેલ (જિલ્લા એપ્રોપ્રીએટ ઓથોરીટી તથા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી)ની કામગીરી સામે પ્રશ્નો ઊભા થયા છે. રાજ્ય કક્ષાના ઉચ્ચ અધિકારીઓ દ્વારા વારંવાર ધ્યાન દોરવામાં આવ્યા છતાં જિલ્લામાં કોઈ ચોક્કસ અને અસરકારક પગલાં લેવામાં આવ્યા નથી, એવી નોંધ લેવામાં આવી છે. આ પરિસ્થિતિને અધિકારીઓએ ફરજ પ્રત્યેની ગંભીર નિષ્કાળજી અને બેદરકારી ગણાવી છે.

### જિલ્લા આરોગ્ય અધિકારી પાસે ત્રણ દિવસમાં ખુલાસો માંગ્યો

અધિક નિયામક, ગાંધીનગર દ્વારા જારી કરાયેલી નોટીસમાં સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે સંબંધિત અધિકારીએ ત્રણ દિવસની અંદર લેખિત ખુલાસો રજૂ કરવો રહેશે. જો નિર્ધારિત સમયમર્યાદામાં જવાબ નહીં મળે તો, શિસ્ત અને અપીલના નિયમો-૧૯૭૧ હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# VNSGUમાં ‘AI એજન્ટ’ વિદ્યાર્થીઓની મૂંઝવણ કરશે દૂર

સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (VNSGU) એ તેના શૈક્ષણિક ઇતિહાસમાં એક મોટું પરિવર્તન લાવતા આ વર્ષની પ્રવેશ પ્રક્રિયાને સંપૂર્ણપણે ‘સ્માર્ટ’ બનાવવાનો નિર્ણય લીધો છે. આવતીકાલ, ૭ મે ૨૦૨૬થી યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ૧૦૦થી વધુ સ્નાતક કક્ષાના કોર્સ માટે પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ થઈ રહ્યો છે. આ વર્ષે સૌથી મોટું આકર્ષણ યુનિવર્સિટી દ્વારા લોન્ચ કરવામાં આવેલ ‘AI એજન્ટ’ છે, જે વિદ્યાર્થીઓને એડમિશન ફોર્મ ભરવામાં ડગલે ને પગલે મદદરૂપ થશે.

**આ ઘટનાનો વિડીયો જોવા QR કોડ સ્કેન કરો**



**ટેકનોલોજીનો નવતર પ્રયોગ**

સામાન્ય રીતે એડમિશન સમયે વિદ્યાર્થીઓને ટેકનિકલ પ્રશ્નો અથવા ફોર્મ ભરવાની વિગતો અંગે ઘણી મુંઝવણ હોય છે. આ સમસ્યાના કાયમી ઉકેલ માટે VNSGU એ AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) આધારિત હેલ્પ સિસ્ટમ વિકસાવી છે. વિદ્યાર્થીઓ માત્ર +91 7969799680 નંબર પર કોલ કરીને અથવા વોટ્સએપ મેસેજ દ્વારા પોતાની સમસ્યા જણાવી શકશે અને આ AI એજન્ટ સેકન્ડોમાં જ સચોટ માર્ગદર્શન પૂરું પાડશે.

**GCAS પોર્ટલ અને સમયમર્યાદા**

રાજ્ય સરકારના નિયમ મુજબ, તમામ વિદ્યાર્થીઓએ GCAS (Gujarat Common Admission Service) પોર્ટલ પર જ રજિસ્ટ્રેશન કરવાનું રહેશે. પ્રવેશ પ્રક્રિયા ૨૮ મે ૨૦૨૬ સુધી ચાલશે. જે વિદ્યાર્થીઓ પાસે ઈન્ટરનેટ કે કોમ્પ્યુટરની સુવિધા નથી, તેમના માટે યુનિવર્સિટીએ દરેક નજીકની કોલેજ ખાતે ‘ફ્રી હેલ્પ સેન્ટર’ શરૂ કર્યા છે, જ્યાં જઈને વિદ્યાર્થીઓ મફતમાં ફોર્મ ભરી શકશે.

**મુખ્ય આકર્ષણોઃ**

૧૦૦થી વધુ કોર્સઃ આર્ટ્સ, કોમર્સ, સાયન્સ અને પ્રોફેશનલ કોર્સમાં પ્રવેશની તક.

સ્માર્ટ સપોર્ટઃ વોટ્સએપ દ્વારા ૨૪x૭ સહાય.

ઝડપી ઉકેલઃ ટેકનિકલ ખામી કે દસ્તાવેજો અપલોડ કરવામાં પડતી મુશ્કેલીનું ત્વરિત નિરાકરણ.

# સોંદલાખારા દૂધ મંડળીમાં વહીવટદાર સામે હાઈકોર્ટનો સ્ટે

**સુમુલની** ચૂંટણીને લઈ ભાજપના બે જૂથોમાં લડાઈ ચરમસીમાએ, હાઈકોર્ટનો રજિસ્ટ્રારને આગલો હુકમ ન થાય ત્યાં સુધી સ્ટેટ્સ કવો જાળવવા હુકમ

સુરતઃ વર્ષોથી લાગલગાટ ઓડિટ A સર્ટિફિકેટ મેળવનાર સુરતના ઓલપાડની સૌથી સદ્ધર ગણાતી સોંદલાખારા વિભાગ દૂધ અને શાકભાજી વેચાણ કરનારી સહકારી મંડળી લિ. વિરુદ્ધ માત્ર રૂ. 6.34 લાખના બાકી માટે કલમ-81 નો ઉપયોગ કરી વહીવટદાર બેસાડવા અને વ્યવસ્થાપક કમિટીને 6 વર્ષ માટે બરખાસ્ત કરવા કાર્યવાહી કરનાર સુરતના જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ હરેશ કાછડને ફરી એકવાર હાઈકોર્ટે લપડાક મારી છે.

સુમુલ ડેરીની ઓલપાડ બેઠક માટે ભાજપના બે જૂથોની લડાઈમાં એક જૂથનો હાથો બની ત્રણ દાયકા જૂની મંડળી સામે ભેંસ લોન, સંડાસ બાંધકામ,સભાસદ યુનિટ લૉન સહિતની 6,34,640 રૂપિયા,2 કમિટી સભ્યો દ્વારા 700 લીટરથી ઓછું દૂધ ભરવા,ઓલપાડ કાંઠા સુગરને 2,62,000 માં બાકી પેટે વસુલ ન કરવા સહિતના મુદ્દાઓ રજૂ કરી કલમ 81 હેઠળ વ્યવસ્થાપક સમિતિને બરતરફ કરવા અને વહીવટદારની નિમણૂંક કરવા નોટિસ ઈશ્યૂ કરતા

સોંદલાખારા વિભાગ દૂધ અને શાકભાજી વેચાણ કરનારી સહકારી મંડળી લિ.ના પ્રમુખ વસંત રણછોડભાઈ પટેલ સહિતના કમિટી સભ્યો દ્વારા રજીસ્ટ્રારની આ કાર્યવાહીને ગુજરાત હાઈકોર્ટમાં મુદ્દાસર પડકારવામાં આવતા જસ્ટિસ હેમંત એમ. પ્રચ્છક એ એક પછી એક બે હુકમ કર્યા હતા. તા.24/03/2026 ના ઓર્ડરમાં જણાવ્યું હતું કે,”મંડળીની વ્યવસ્થાપક કમિટીના સભ્યોના ધારાશાસ્ત્રી પી. કે. જાની ની દલીલ હતી કે, પ્રતિવાદી અધિકારીએ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમની કલમ ૮૧ હેઠળ સત્તાનો ઉપયોગ કરતી વખતે અને સંબંધિત સામગ્રીને ધ્યાનમાં લીધા વિના, કાયદાની કલમ ૮૧(૧) હેઠળ કારણદર્શક નોટિસ જારી કરી છે, જે ૨૦૦૭ (૩) જીએલઆર ૨૬૦૬ માં નોંધાયેલા પ્રવિણભાઈ મોહનભાઈ રૈયાણી વિરુદ્ધ ગુજરાત રાજ્ય અને માનનીય સુપ્રીમ કોર્ટે મધ્યપ્રદેશ રાજ્ય અને અન્ય વિરુદ્ધ સંજય નાગાયચ અને અન્યોએ (૨૦૦૩) ૭ એસસીસી ૨૫ માં નોંધાયેલા કેસમાં આ અદાલત દ્વારા જાહેર કરાયેલા સ્થાયી કાનૂની સિદ્ધાંતોનો સ્પષ્ટ ભંગ અને ઉલ્લંઘન દર્શાવે છે. તા.04/05/2026 ના બીજા ઓર્ડરમાં જસ્ટિસબી હેમંત. એમ. પ્રચ્છક એ ઓર્ડર કર્યો હતો કે,”રેકોર્ડ પરથી એવું જણાય છે કે અરજદારો દ્વારા અરજીના પેરા 2 થી 7 માં જે વ્યક્તિ વિરુદ્ધ આક્ષેપો કરવામાં આવ્યા છે, તે હાલની કાર્યવાહીનો પક્ષકાર નથી. તેને પક્ષકાર તરીકે જોડ્યા વિના આ આધાર લેવામાં આવ્યો છે.

આ બાબતોને ધ્યાનમાં લઈને, અરજદારોને નઘોઈ સેવા સહકારી મંડળીને હાલની કાર્યવાહી માં પ્રતિસાદી નં. 3 તરીકે જોડવાની મંજૂરી આપવા સાથે તેઓને નોટિસ આપવા હુકમ કરવા સાથે તા. 12/6/2026 ના રોજ જવાબ રજૂ કરવા જણાવ્યું છે.જ્યાં સુધી આ કોર્ટ દ્વારા આગળનો કોઈ આદેશ આપવામાં ન આવે ત્યાં સુધી જિલ્લા રજિસ્ટ્રાર સુરતને સ્ટેટ્સ કવો જાળવવા હુકમ કરવામાં આવ્યો છે.

## ભાટપોરમાં પરિવારે ઘરનો સામાન લાવવા 50 રૂપિયા માંગ્યા, જે આપી નહીં શકતા યુવકે એસિડ પી લીધું

સુરતઃ ભાટપોરમાં પરિવારે ઘરનું સામાન લાવવા 50 રૂપિયા માંગ્યા હતા. પરંતુ રૂપિયા આપી નહીં શકતા યુવકે અફસોસમાં કરીને એસિડ પી લીધું હતું.

મળેલી માહિતી મુજબ, ભાટપોર ખાતે આવેલા ઈન્દિરા આવાસમાં 25 વર્ષીય રાકેશ ગોવિંદભાઈ રાઠોડ પરિવાર સાથે રહેતો હતો અને કચરાની ગાડીમાં મજૂરી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. સોમવારે રાત્રે રાકેશે ઘરમાં એસિડ પી લીધું હતું. જેથી પરિવારજનો 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે લઈને આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન બુધવારે સાંજે તેનું મોત નિપજ્યું હતું.

પોલીસની પ્રાથમિક તપાસમાં પરિવારે રાકેશ પાસે ઘર સમાન લઈ આવવા માટે 50 રૂપિયા માંગ્યા હતા. પરંતુ રાકેશે ઘરમાં 50 રૂપિયા આપ્યા ન હતા. જે વાતને લઈને પરિવારમાં ઝઘડો થયો હતો. આ વાતનો અફસોસ કરીને રાકેશે આ પગલું ભરી લીધું હતું. બનાવને પગલે ઈચ્છાપોર પોલીસના નીતિનભાઈ વધુ તપાસ કરી રહ્યા છે.

**સુમુલ ડેરીની ચૂંટણીનો માર્ગ મોકળો થયો**

# 8 મે ના રોજ હાઈકોર્ટમાં સુમુલની ચૂંટણીનો કાર્યક્રમ રજૂ આદેશ

**કલેક્ટર** અને ચૂંટણી અધિકારીએ ગુજરાત હાઇકોર્ટમાં ચૂંટણીનો કાર્યક્રમ રજૂ કર્યા પછી જાહેરનામું પ્રસિદ્ધ કરવું પડશે

સુરત : સુરત અને તાપી જિલ્લાની જોવા દોરી સમાન સુમુલ ડેરીની ચૂંટણી યોજવા ગુજરાત હાઈકોર્ટની ડિવિઝન બેન્ચે આદેશ આપ્યો છે.

ગુજરાત હાઈકોર્ટની ડિવિઝન બેન્ચના ન્યાયધીશ ભાર્ગવ ડી. કારીયા અને ન્યાયધીશ એલ.એસ. પીરઝાદાની બેન્ચે સુરતના જિલ્લા કલેક્ટર અને તેઓ દ્વારા નિયુક્ત ચૂંટણી અધિકારીને 8 મે ના રોજ હાઈકોર્ટમાં સુમુલ ડેરીની ચૂંટણીનો કાર્યક્રમ રજૂ કરવા આદેશ આપ્યો છે. આ હુકમ પછી તો કલેકટર 36 થી 56 દિવસમાં સુમુલ ડેરીની 16 બેઠકોની ચૂંટણી યોજી શકે છે.

સુમુલના પેટા નિયમ મુજબ દરેક સભાસદ મંડળીમાંથી ફકત એક જ પ્રતિનિધિ કે જેના નામનો ઠરાવ તા.31 માર્ચ 2025 ના રોજ સાંજે 5 વાગ્યા સુધીમાં ડેરી મળ્યા છે. એવા મંજૂર થયેલા પ્રતિનિધિઓને જ વાર્ષિક સાધારણ સભામાં હાજર રહેવા મંજૂરી આપવામાં આવી હતી.

અગાઉ સુમુલ ડેરીની ચૂંટણી અને સીમાંકન મામલે 21 દિવસમાં નિર્ણય લેવા ગુજરાત હાઈકોર્ટનો હુકમનો અનાદર કરવા માટે ગુજરાત હાઈકોર્ટ કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટ પિટિશન દાખલ કરી હતી. ડિવિઝન બેન્ચને પક્ષકારોને સાંભળવા અરજી એડમિટ કરી હતી. જોકે ડિવિઝન બેંચની નિયુક્તિ થાય એ પૂર્વે જ ચૂંટણી અધિકારી અને સુરત કલેક્ટર ડો.સૌરભ પારધીએ સીમાંકનનું નોટિફિકેશન જાહેર કર્યું હતું. લાંબા સમયથી ચાલી રહેલી કાયદાકીય ખેંચતાણ વચ્ચે સુરત જિલ્લા કલેક્ટરે અંતિમ ચુકાદો જાહેર કર્યો છે. કલેક્ટરે સુમુલ ડેરી દ્વારા 31માર્ચ 2025ની ચૂંટણી સંદર્ભે રજૂ કરવામાં આવેલી સીમાંકનની દરખાસ્તને કોઈ પણ પ્રકારના ફેરફાર વિના ‘યથાવત’ રાખવાનો હુકમ કર્યો છે. બીજી તરફ ભાજપના બે જૂથોની લડાઈ કાનૂની દાવપેચમાં ફસાતા ભાજપ હાઈકમાન્ડ 16 બેઠકો માટે મેન્ડેટ જાહેર એવી શક્યતા જોવાઈ રહી છે.

સુમુલ ડેરીની વ્યવસ્થાપક કમિટીની મુદત ઓગસ્ટ 2025 માં પૂર્ણ થઈ હતી. વ્યવસ્થાપક કમિટીની ટર્મ પૂરી થાય તે પહેલા સુમુલ ડેરીના મેનેજિંગ ડિરેક્ટર અરુણ પુરોહિત દ્વારા સમયસર ચૂંટણી કરાવવા માટે જિલ્લા રજિસ્ટ્રારને દરખાસ્ત મોકલી દેવામાં આવી હતી.એ પછી સુમુલ ડેરીમાં બાખડતા ભાજપના બે જૂથો સક્રિય થયા હતા. ચૂંટણી પૂર્વે એક બીજાનો દાવ કરવા એક જૂથ સીમાંકનના ઉલ્લેખ સાથે હાઈકોર્ટ પહોંચ્યું હતું.


**વૈકુંઠવાસ (કોળી પટેલ)**



ગીતા જેનો ધર્મ હતો,
પરિવાર જેનું મંદિર હતું,
સ્નેહ જેની શક્તિ હતી,
પરિશ્રમ જેનું કર્તવ્ય હતું,
પરમાર્થી ભક્તિયાત્રી
શિક્ષણ-સંસ્કારના જ્યોતિતીર્થ
એવા પુણ્યાત્મા અમારા
પતિ, પિતા, દાદાજીને
કોટિ કોટિ વંદના...

**સ્વ. મગનભાઈ રઘુભાઈ પટેલ**
નિવૃત આચાર્ય મોરથાણા, કામરેજ
જન્મ : 10-07-1940
સ્વ.તા. 05-05-2026

**પૈસા, ભાતી (ખીચડી), પોત કે અન્ય તમામ રિવાજો બંધ છે.**

સદ્‌ગતનું બેસણું : તા. 10-05-2026, રવિવાર
સમય : 2.00 થી 5.00 કલાક
સ્થળ : 64/1, નિર્મલ પ્રેમ, ગલી નં. 11, શૈલેષ પાર્ક સોસાયટી, ગણદેવી રોડ, નવસારી

પ્રેમાળ સ્મૃતિમાં...
**ગં.સ્વ. નીરુબેન મગનભાઈ પટેલ (પત્ની)**
પરિમલકુમાર મગનભાઈ પટેલ (પુત્ર) • માયા પરિમલ પટેલ (પુત્રવધુ)
દિપીકા જયેશ પટેલ (પુત્રી) • જયેશ આર. પટેલ (જમાઈ)
પ્રેમ પરિમલ પટેલ (પૌત્ર) • રિયા પરિમલ પટેલ (પૌત્રી)
મો. 9879216053, 9879216054, 9909207329